




# આચારસંહિતા અને સિદ્ધાંતો

## અખંડતાનું ચાલન.
## તેને જાણો. તેને કહો. તેને જીવી જાણો.

મેગ્ના ઈન્ટરનેશનલ





# સીઈઓ તરફથી સંદેશો

**"આચારસંહિતા અને સિદ્ધાંતોને સમજવા અને તેની સમીક્ષા કરવાની આપણા સહુની ફરજ છે જેથી આપણે આપણા તમામ વ્યાપાર વ્યવહારમાં પ્રામાણિકતા અને અખંડતા સાથે વર્તી શકીએ**

આ મહાન કંપનીના સીઈઓ તરીકે, આપણે જે હાંસલ કર્યું છે, જે પ્રતિષ્ઠાનું સર્જન કર્યું છે અને આપણે જે વિશ્વસનીયતા સ્થાપિત કરી છે તેની પર મને ખૂબ ગર્વ છે. આ કારણથી જ આપણી આચારસંહિતા અને સિદ્ધાંતોનું દરેકજણ અનુસરણ કરે તે સુનિશ્ચિત કરીને આપણે જે પ્રાપ્ત કર્યું છે તેનું રક્ષણ કરવા આપણાથી બનતું બધું કરી છૂટવું એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

વિશ્વભરમાં સરકારી એજન્સીઓએ કાનૂની અનુપાલન અંગે તેમનું ધ્યાન વધાર્યું છે, અને તેમની તપાસમાં ઓટોમોટિવ ઉદ્યોગ પરની તપાસમાં તીવ્ર ધ્યાન અપાય છે- જે તપાસથી મેગ્ના પણ બાકાત નથી.

અનૈતિક વર્તણૂંકની વાત આવે ત્યારે આપણે બિલકુલ ચલાવી લેતા નથી. સારી ભાવના સાથે કોઈ સમસ્યાની નોંધ કરાવનારા કોઈ પણ કર્મચારી સાથે વેરભાવ રાખનાર કોઈ પણ હોય, તેના પ્રત્યે પણ આપણે શૂન્ય સહિષ્ણુ છીએ.

એક કર્મચારી તરીકે, આચારસંહિતા અને સિદ્ધાંતોને સમજવા અને તેની સમીક્ષા કરવી એ આપણી સહુની ફરજ બને છે જેથી આપણે આપણી તમામ વ્યાપારી વ્યવહારોમાં પ્રામાણિકતા અને અખંડતા સાથે વર્તન કરી શકીએ.

આ દરેકની પાસે પોતાનાથી બનતું કરવા રહેલી એક તક છે- જેના થકી અખંડતા સાથે વર્તીને બીજાને ન બોલતા આપણે જોતા હોઈએ ત્યારે પણ આગળ આવીને બોલી શકીએ. અખંડતાના ચાલન અને મેગ્નાની પ્રવર્તમાન સફળતામાં યોગદાન બદલ આપનો આભાર.

આપનો વિશ્વાસુ,



ડોનાલ્ડ જે. વોકર
ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર





# સામગ્રીનું કોષ્ટક


સીઈઓ તરફથી સંદેશો
આચારસંહિતા અને સિદ્ધાંતોની પ્રસ્તાવના 2
કર્મચારીઓ માટે તે શા કારણથી મહત્ત્વનું છે 5


## વ્યાપારી વ્યવહારોમાં અખંડતાનું ચાલન


અખંડતા, વાજબીપણા અને આદર સાથે વ્યાપાર કરવો 7
એન્ટિટ્રસ્ટ એન્ડ કોમ્પિટિશન કાયદાઓનું અનુપાલન 7
લાંચ-વિરોધી કાયદાઓનું અનુપાલન 8
લોબિઈંગ / રાજકીય સહભાગીપણું 9


## પારદર્શી રિપોર્ટિંગ દ્વારા અખંડિતતાનું ચાલન


નાણાકીય રિપોર્ટિંગ 12
અયોગ્ય જામીનગીરી સોદા 13
જાહેર ઘોષણાઓ 13


## આપણા કાર્યસ્થળે અખંડિતતાનું ચાલન


પર્યાવરણ અને વ્યવસાયિક આરોગ્ય તથા સલામતી 15
વ્યક્તિગત માહિતીની સુરક્ષા 15
માનવાધિકાર પ્રત્યે આદર 16
વૈવિધ્યતા અને સમાવેશીકરણ 16


## આપણા પગલાં દ્વારા અખંડતાનું ચાલન


ગોપનીય માહિતીનો ઉપયોગ 19
રોકાણો અને કોર્પોરેટ તકો 19
સ્વ-વ્યવહાર અને મિત્રો તથા સગાઓ સાથે વાર્તાલાપ 20
બહારની સ્થિતિ 21
ભેટો, ભોજન અને મનોરંજન 21


## સારા પ્રત્યાયન (સંપર્ક) સાથે સંકલિતતાને જાળવવી


કાળજીપૂર્વકનો સંદેશાવ્યવહાર 23
ગુડ બિઝનેસ લાઈન 24

કાનૂન અનુપાલન નિષ્ણાતો તરફથી સહાય 25
ગ્લોસરી 26


રંગો અને ઈટાલિક્સમાં દેખાતી શરતોની ગ્લોસરીમાં વ્યાખ્યા કરાઈ છે.



# પ્રસ્તાવના

## વ્યાપારને નૈતિકતા અને આપણી કોર્પોરેટ નીતિઓના અનુસરણ સાથે હાથ ધરવો એ આપણી ફરજ હોવાનું આપણે સહુ સમજીએ તે મહત્ત્વનું છે.

આજે ઓટોમોટિવ ઉદ્યોગ વધુ જટિલ અને પડકારરૂપ બન્યો છે ત્યારે આપણે વ્યાપારને નૈતિકતા અને આપણી કોર્પોરેટ નીતિઓના અનુસરણ સાથે હાથ ધરવો એ આપણી ફરજ હોવાનું સમજીએ તે મહત્ત્વનું છે.

મેગ્નાની વાજબી ઉદ્યોગસાહસિકતા સંસ્કૃતિના મૂળ વ્યાપારી સિદ્ધાંતો અને મૂલ્યો આપણા કર્મચારીના ચાર્ટર અને વહીવટી સિદ્ધાંતોમાં વણાયેલા છે, અને આપણી આચારસંહિતા અને સિદ્ધાંતો દ્વારા તેને લાગુ કરાય છે. આ આચારસંહિતા આપણા નૈતિક મૂલ્યોને જાળવવામાં મદદરૂપ થાય છે.

મેગ્નાના દરેક કર્મચારી લાગુપડતા કાયદા અને આપણા મૂળ મૂલ્યો તથા વ્યાપારી સિદ્ધાંતોને અનુરૂપ રહીને વર્તણૂંક દાખવે તેવી મેગ્નાને અપેક્ષા છે. આપણા સપ્લાયર્સ, કન્સલ્ટન્ટ્સ, સ્વતંત્ર કોન્ટ્રાક્ટર્સ, એજન્ટો અને અન્ય પ્રતિનિધિઓ પણ આ માપદંડોનું પાલન કરે તેવી પણ આપણી અપેક્ષા છે. આ સંહિતાનું ઉલ્લંઘન કર્મચારી સામે નોકરીમાંથી છૂટા કરવા સુધીના શિસ્તભંગનાં પગલાં સુધી દોરી જઈ શકે છે, અને તેના પરિણામે ત્રાહિત પક્ષો સાથેના આપણા સંબંધો પણ પૂરા થઈ શકે છે.

આ માપદંડો આમાં લાગુ પડે છે કે કેવી રીતે આપણે:

- કાર્યસ્થળે એકબીજા સાથે વર્તીએ છીએ;
- આપણી પર્યાવરણીય જવાબદારીઓનું સંચાલન કરીએ છીએ;
- સ્પર્ધકો સાથે સંકલિત થઈએ છીએ;
- સરકારી કર્મચારીઓ સાથે વાતચીત કરીએ છીએ; અને
- મેગ્નાન તથા આપણા ગ્રાહકોની ગુપ્ત માહિતીનું રક્ષણ કરીએ છીએ.

આપણામાંના દરેક પ્રામાણિકતા અને અખંડતા સાથે વર્તણૂંક કરવા,અને તમામ સમયે નૈતિક પસંદગી કરવા જવાબદાર છીએ. આપણી નોકરીનો આ ચાવીરૂપ હિસ્સો છે. મેગ્નાની અનુપાલન ટીમ આ ક્ષેત્રમાં સફળતા માટે પ્રવર્તમાન સહાય અને જરૂરી તાલીમ પૂરી પાડવા કટિબદ્ધ છે.

મેગ્નાના કર્મચારી તરીકે આપણી ફરજોના માર્ગદર્શનમાં મદદ માટે આ દસ્તાવેજ સ્ત્રોત તરીકે અપાયો છે,અને તે સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય કાયદાઓના પાલનને સુનિશ્ચિત કરવાના વિષયો આપે છે.

## શું આચારસંહિતા અને સિદ્ધાંતો મને લાગુ પડે?


હા. મેગ્ના ઈન્ટરનેશનલ ઈન્કો.ના તમામ કર્મચારીઓ, અને તેના તમામ ઓપરેટિંગ જૂથો, વિભાગો, સંયુક્ત સાહસો તથા અન્ય વૈશ્વિક કામગીરીને આચારસંહિતા અને સિદ્ધાંતો લાગુ પડે છે. તે આપણા ડિરેક્ટરો, અધિકારીઓ તથા મેગ્ના વતી વર્તણૂંક કરનાર કોઈને પણ લાગુ પડે છે, જેમાં કન્સલ્ટન્ટ્સ, સ્વતંત્ર કોન્ટ્રાક્ટર, એજન્ટો તથા અન્ય પ્રતિનિધિઓ સામેલ છે.

## હું સંહિતાનું ઉલ્લંઘન કરું તો તેના પરિણામો કયા?


આપણે આચારસંહિતા તથા સિદ્ધાંતોના મૂલ્યોને ઉંડાણપૂર્વક સમર્પિત છીએ અને તેના પાલનમાં નિષ્ફળતાની ગંભીર નોંધ લઈશું. સંહિતાનું ઉલ્લંઘન શિસ્તભંગનાં પગલાં તરફ દોરી જશે. શિસ્તભંગના પ્રકારનો આધાર ઉલ્લંઘનની ગંભીરતા આધારિત રહેશે અને તેમાં કારણસર પદભ્રષ્ટતા અથવા ગંભીર કિસ્સામાં સારું કારણ સામેલ થઈ શકે છે.

આ પરિણામો આપણા સપ્લાયર્સ, કન્સલ્ટન્ટ્સ, સ્વતંત્ર કોન્ટ્રાક્ટર્સ, એજન્ટો અને અન્ય પ્રતિનિધિઓને પણ લાગુ પડે છે જેઓ આપણા કર્મચારીઓ પાસેથી અપેક્ષિત નૈતિક મૂલ્યોનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે. જો ઉલ્લંઘન અત્યંત ગંભીર હશે તો આપણે ત્રાહિત પક્ષ સાથેના આપણા સંબંધોનો પણ અંત લાવી શકીએ છીએ.

તમારે કાનૂની જરૂરિયાતોને લાગુ પડતી હોય તેવી સંહિતાની જોગવાઈઓને ધ્યાનમાં રાખવી જોઈએ. આનો મતલબ એ થયો કે, અમુક કિસ્સામાં સંહિતાનું ઉલ્લંઘન કરનારા પગલાંથી કાયદાનો પણ ભંગ થઈ શકે છે. આ પ્રસંગોમાં, સજામાં દંડ અથવા જેલવાસ હોઈ શકે છે.




કૃપા કરીને નોંધ લેશો કે આ દસ્તાવેજમાં અપાયેલા પ્રશ્નો અને દૃષ્ટાંતો માત્ર નિર્દેશાત્મક છે, વાસ્તવિક ઘટનાઓ વર્ણવતા નથી, અને તેનો હેતુ બધાને કે અતિ ગંભીર કિસ્સાને આવરી લેવાનો નથી, જે આચારસંહિતા અને સિદ્ધાંતો હેઠળ ઉદભવે છે.


Driving Integrity
Know it. Speak it. Live it.

# શા માટે તે કર્મચારીઓ માટે મહત્ત્વનું છે

## આપણી પસંદગી અખંડતાનું ચાલન કરે છે

જીવન પસંદગીઓથી ભરપૂર છે, અને આપણે દરરોજે પળવારમાં તેને પાર પાડીએ છીએ.

પરંતુ અમુક પસંદગી વધુ મહત્ત્વની હોય છે. અને મેગ્નાનું આપણે પ્રતિનિધિત્વ કરતા હોવાથી આપણી પસંદગીઓ આપણી જાતનું પરાવર્તન કરે છે.

ટૂંકમાં, આપણી પસંદગી અખંડતાનું ચાલન કરે છે.

મેગ્નાની આચારસંહિતા અને સિદ્ધાંતો કાર્યસ્થળે શ્રેષ્ઠ પસંદગી કરવામાં આપણને માર્ગદર્શન આપે છે. આ સંહિતા વૈશ્વિકસ્તરે મેગ્નાના તમામ કર્મચારીઓને લાગુ પડે છે જેમાં કોર્પોરેટ/ગ્રુપ કચેરીઓ, ઉત્પાદન એકમો અને સંયુક્ત સાહસો પણ સામેલ છે.

મેગ્ના અપેક્ષા રાખે છે કે તમામ કર્મચારીઓ આચારસંહિતા તથા સિદ્ધાંતોને વાંચે અને સમજે તેમજ હંમેશા નૈતિકતા અને પ્રામાણિકતા સાથે વર્તે. યોગ્ય પસંદગી કરવી અને નીતિ-નિયમોનું પાલન કરવું એ જ આપણા વ્યાપારનું સંચાલન કરે છે અને આપણી વર્તમાન તથા ભાવિ સફળતા માટે તે જ મહત્ત્વનું છે.

## તમે શું કરી શકો


સમગ્ર સંસ્થામાં અખંડતાના ચાલનમાં અમને મદદરૂપ થવા માટે મેગ્ના તમારી પર આધાર રાખે છે. અમે તમને આટલું કરવા કહીએ છીએ

- કે તમે આચારસંહિતા અને નૈતિકતા તેમજ સંલગ્ન નીતિઓને જાણો
- આગળ આવીને બોલો જો તમને લાગતું હોય કે આચારસંહિતા તથા નૈતિકતાનું સંભવિત ઉલ્લંઘન થયું
  છે અથવા સંહિતા વિશે તમને પ્રશ્ન હોય
- પાયાગત સિદ્ધાંતો સાથે જીવવું જે આચારસંહિતા અને નૈતિકતાનું દરરોજે નિર્માણ કરે છે

આથી જ અમે કહીએ છીએ: **તેને જાણો. તેને કહો. તેને જીવી જાણો.** આપણા લોકો સક્રિય ભૂમિકા ભજવે અને નૈતિકતા સાથે આપણે બધા કામ કરીએ તે સુનિશ્ચિત કરે તેની પર જ મેગ્નાની સફળતાનો આધાર છે.

## એક્ઝિક્યુટિવ્સ / વરિષ્ઠ અધિકારીઓ / મેનેજર્સ પાસેથી અપેક્ષા

કંપનીના નેતા તરીકે, મેગ્નાના એક્ઝિક્યુટિવ્સ, વરિષ્ઠ અધિકારીઓ તથા મેનેજર્સ પાસે બીજા અનુસરી શકે તેવા શ્રેષ્ઠ ઉદાહરણો સ્થાપિત કરવાની અપેક્ષા રખાય છે. મેગ્નાના નેતાઓ સંહિતાના સંભવિત ઉલ્લંઘન વિશે સજાગ રહે અને તેનું સમયસર રિપોર્ટિંગ કરે તે પણ અપેક્ષિત છે. તેમણે એવું વાતાવરણ જાળવવું પડે જેમાં કર્મચારીઓ અનુપાલનને લગતી ચિંતાના મુદ્દાને ઉઠાવતા ખચકાય નહીં. દૃષ્ટાંતરૂપ નેતૃત્વ એ આ સંહિતામાં ભારપૂર્વક ઉલ્લેખ કરાયેલા વર્તણૂંકના દેશવ્યાપી માપદંડને સ્થાપિત કરીને જાળવવામાં ચાવીરૂપ છે.





# વ્યાપારી વ્યવહારોમાં અખંડિતતાનું ચાલન


અખંડિતતા, વાજબીપણા અને આદર સાથે વ્યાપાર કરવો 7

એન્ટિટ્રસ્ટ એન્ડ કોમ્પિટિશન કાયદાઓનું અનુપાલન 7

લાંચ-વિરોધી કાયદાઓનું અનુપાલન 8

લોબિઈંગ અને રાજકીય સહભાગીપણું 9

# અખંડિતતા, વાજબીણા અને આદર સાથે વ્યાપાર કરવો

આપણી કામગીરીની ફિલસૂફી એ છે કે આપણામાંના બધા, કર્મચારીઓ અને મેનેજમેન્ટ મેગ્નાની સફળતાને સુનિશ્ચિત કરવામાં સહિયારી ભૂમિકા ભજવે.

આ જવાબદારી નિર્વાહ કરવા આપણે સહુએ અખંડતા સાથે વર્તવું. આનો મતલબ એ થયો કે આપણે આપણને લાગુ પડતા કાયદાનું ખરી ભાવના સાથે પાલન કરવું, આ સંહિતાને જાળવવી અને આપણી વચનબદ્ધતાનો આદર કરવો.

આપણે અન્ય કર્મચારીઓ, ગ્રાહકો, સપ્લાયર્સ તથા અન્ય હિતધારકો સાથેની વર્તણૂંકમાં વાજબી રહેવું.

આપણે બીજાને આદર આપીએ તે મહત્ત્વનું છે કે જેઓ અલગ વિચારધારા અને મત ધરાવે છે, જે દેશમાં આપણે કામ કરીએ છીએ તેની સંસ્કૃતિ અને રીતરસમો પ્રત્યે સંવેદનશીતા દાખવીએ અને જેની સાથે આપણે કામ કરીએ છીએ તે સમુદાયો પર આપણી અસર અંગેનો વિચાર કરીએ.

# એન્ટિટ્રસ્ટ એન્ડ કોમ્પિટિશન કાયદાઓનું અનુપાલન

મુક્ત અને વાજબી સ્પર્ધાનો આદર કરીને આપણે તીવ્ર સ્પર્ધા આપવી. આના પરિણામે મેગ્નાના કર્મચારીઓ તમામ એન્ટિટ્રસ્ટ એન્ડ કોમ્પિટિશન કાયદાઓનું અનુપાલન કરવા વચનબદ્ધ છે. આપણે એવી પ્રવૃત્તિઓમાં નહીં જોડાઈએ જે આવા કાયદાનું ઉલ્લંઘન કરે જેમકે ભાવો, વળતર અથવા વેચાણની શરતો નિર્ધારિત કરવા, ઉત્પાદન ઘટાડવા, બજારોના વિભાજન, બીડિંગ પ્રવૃત્તિઓ અથવા ગ્રાહકો કે સપ્લાયર્સનો બહિષ્કાર કરવા જેવી પ્રવૃત્તિઓમાં સ્પર્ધકો સાથે જોડાવું.

આપણી એન્ટિટ્રસ્ટ એન્ડ કોમ્પિટિશન અંગેની નીતિઓ આ વચનબદ્ધતાનું કેવી રીતે પાલન કરવું તેના વિશે વધુ સઘન ખુલાસો રજૂ કરે છે.

Driving Integrity
Know it. Speak it. Live it.

પ્રશ્નઃ ઓટો શાંઘહાઈ ખાતે મને પૂર્વ સેલ્સ સહકર્મી મળ્યા જે હાલ સ્પર્ધક સાથે કામ કરે છે. મેં તેમને પૂછ્યું કે આપણે કેવી રીતે એક નવા મુશ્કેલ ખરીદદાર સાથે સોદો કરવા સંયુક્ત નીતી બનાવીએ. મેં તેમને કહ્યું કે હું તેમનો પછી સંપર્ક કરીશ. મારે શું કરવું જોઈતું હતું?

જવાબઃ પૂર્વ સહકર્મી સાથે પ્રાસંગિક વાતચીતમાં કશું ખોટું નથી પરંતુ સ્પર્ધક સાથે સહિયારો વ્યૂહ ઘડવો એ પ્રતિબંધિત છે. આવી સ્થિતિમાં તમારે તાત્કાલિક વાતચીત બંધ કરીને તેમને કહી દેવું જોઈએ કે આ વિશે તમારે કોઈ વાત નથી કરવી. તમારે તમારા મેનેજર અથવા કાનૂની અનુસરણ નિષ્ણાતને આના વિશે જણાવી દેવું.

# લાંચ-વિરોધી કાયદાનું અનુસરણ

આપણે ઓફર નથી કરતા કે સ્વીકારતા નથી **લાંચ** અથવા **કટકી**, પ્રત્યક્ષ કે **ત્રાહિત પક્ષકારો દ્વારા**. મૂલ્યવાન ચીજો **આપતા કે લેતા**, આપણે એ વિચાર કરવો કે શું તેનાથી આપણા વ્યાપારી નિર્ણયને અસર થશે કે અન્યોમાં તેવી છાપ પડશે. આપણે હંમેશા એ સુનિશ્ચિત કરવું કે તમામ પેમેન્ટનો રેકર્ડ સચોટ અને પૂર્ણ રહે. આ નિયમો તમામ સંજોગોમાં લાગુ પડે છે, પરંતુ એવા કિસ્સામાં ચુસ્તપણે કે જેમાં **કોઈ સરકારી અધિકારી સામેલ હોય**.

લાંચ-વિરોધી કાયદા પરત્વેની આપણી વચનબદ્ધતા તમામ કાર્યમાં લાગુ પડે છે પછી સ્થાનિક કાયદા કે સાંસ્કૃતિક પરંપરા ગમે તે હોય. આપણે આપણા માટે કામ કરતા તમામ ત્રાહિત પક્ષકારો પાસે પણ આવી જ અપેક્ષા રાખીએ છીએ.

લાંચમુક્ત વ્યાપાર પરત્વેની આપણી વચનબદ્ધતા વિશે વધુ જાણવા, જુઓ લાંચ અને અયોગ્ય ચૂકવણી અંગેની નીતિ.

પ્રશ્નઃ મારા દેશમાં તો સરકારી કર્મચારીઓને ભેટરૂપી રોકડ (100 ડોલરથી ઓછી) આપીને ઝડપથી કામ કરાવવું એ સામાન્ય બાબત છે. શું આપણી સંહિતા અને નીતિ મુજબ આવી ચૂકવણી મંજૂર છે?

જવાબઃ ના. આપણી સંહિતા અને લાંચ તથા અયોગ્ય ચૂકવણી નીતિ આવી ચૂકવણી પર પ્રતિબંધ ફરમાવે છે. તમે જે પેમેન્ટની વાત કરો છો તેને "ભેટરૂપ ચૂકવણી" અથવા "હાથ ભીનો કરવાની ચૂકવણી" કહેવાય છે. આ ચૂકવણી ભલે અમુક દેશોમાં કાનૂની હોય પરંતુ તે બીજા દેશોમાં ગેરકાનૂની છે.

પ્રશ્નઃ આપણી સુરક્ષા અનુપાલનની સમીક્ષા કરતા એક સરકારી કર્મચારીએ મને તેમના ભત્રીજાનો બાયોડેટા આપીને કહ્યું કે મારા વિભાગમાં કોઈ જગ્યા ખાલી હોય તો હું તેનો વિચાર કરું. મેં તે બાયોડેટા જોયો અને તે મને ઘણો મજબૂત લાગ્યો. મારે શું કરવું?

જવાબઃ તમારે આ વિનંતી વિશે તાત્કાલિક તમારા મેનેજર અથવા કાનૂની અનુસરણ નિષ્ણાતને જાણ કરવી. એક લાયક ઉમેદવાર તરીકે તેમની સાથે અન્ય લાયક ઉમેદવારની સમકક્ષ જ વર્તન થવું જોઈએ. આવી વિનંતીઓ વિશે કાળજીથી વર્તવું અને આપણે આપણા સંબંધોને જાળવવાની સાથે કાયદા અને આપણા મૂલ્યોને વળગી રહીએ તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.



# લોબિઈંગ અને રાજકીય સહભાગીપણું

કારણ કે લોબિઈંગને લગતા **કાયદાઓ** અને રાજકીય યોગદાન અત્યંત જટિલ મુદ્દો છે અને આપણે જ્યાં કામ કરીએ છીએ ત્યાં કેવું મહત્ત્વ ધરાવે છે તેના આધારે જ આપણે આપણા લોબિઈંગ અને રાજકીય યોગદાન કે સહભાગીપણાના પ્રયાસો હાથ ધરવા જોઈએ જેમાં ફન્ડિંગ અને સહાયનો પણ સમાવેશ થાય છે.

કોર્પોરેટ કચેરીના અધિકૃત પ્રતિનિધિની લેખિતમાં મંજૂરી વિના મેગ્ના વતી કોઈ પણ સ્તરે સરકારી લોબીઈંગ અથવા રાજકીય યોગદાન (નાણાકીય દાન, ચીજો અથવા સેવા) કરવું નહીં. વધુ માહિતી માટે, કૃપા કરીને કાનૂની અનુપાલન નિષ્ણાત અથવા સરકારી બાબતોની ટીમ સાથે વાત કરો અથવા MagNET પર સરકારી બાબતોનું પાનું જુઓ.

પ્રશ્નઃ મેગ્નાને નવા પ્લાન્ટની ડિઝાઈન અંગે મ્યુનિ.ની મંજૂરી લેવામાં તકલીફ પડી રહી છે. હું એક કોર્પોરેટરને ઓળખું છું અને તેમને ચા પીવા બોલાવીને એ સમજાવવા માગું છું કે શા માટે તેમણે આમાં આપણને મદદ કરવી જોઈએ. શું હું આમ કરી શકું?

જવાબઃ ના. એક ચૂંટાયેલી સરકારના અધિકારી સાથે આવી બેઠકનો મતલબ નિર્ણય લેવાની કામગીરીને પ્રભાવ પાડવાનો થતો હોવાથી સ્થાનિક કાયદામાં તેને લોબિઈંગ કહેવાશે. આપણે કોર્પોરેટ કચેરીના લોબિઈંગ માટેના અધિકૃત અધિકારીની લેખિતમાં મંજૂરી વિના લોબિઈંગનું કોઈ કાર્ય કરવું ન જોઈએ.

Driving Integrity
Know it.
Speak it.
Live it.

આપણી કામગીરીની ફિલસૂફી એ છે કે આપણામાંના બધા, કર્મચારીઓ અને મેનેજમેન્ટ મેગ્નાની સફળતાને સુનિશ્ચિત કરવામાં સહિયારી ભૂમિકા ભજવે. આ જવાબદારી નિર્વાહ કરવા આપણે સહુએ અખંડતા સાથે વર્તવું. આનો મતલબ એ થયો કે આપણે આ સંહિતાના પાલન માટે કાયદાનું ખરી ભાવના સાથેપાલન કરવું અને આપણી વચનબદ્ધતાને અનુસરવી.








# પારદર્શી રિપોર્ટિંગ દ્વારા અખંડિતતાનું ચાલન


નાણાકીય રિપોર્ટિંગ 12

અયોગ્ય જામીનગીરી સોદા 13

જાહેર ઘોષણા 13

# નાણાકીય રિપોર્ટિંગ

આપણા નાણાકીય અહેવાલો પર મેગ્નાની વિશ્વસનીયતા ટકેલી છે અને આપણે નાણાકીય રિપોર્ટિંગના તમામ કાયદાઓનું ચુસ્તરીતે પાલન કરવું. આપણા તમામ નાણાકીય વ્યવહારોની એન્ટ્રી સચોટ હોવી જોઈએ.

આપણું નાણાકીય નિયંત્રણ એ રીતે બનેલું છે કે જેથી આપણા અહેવાલોની સચોટતા અને સમયસરતા સુનિશ્ચિત થઈ શકે. આપણે કોઈને એવું પગલું નહીં લેવા દઈએ, અથવા એવું કોઈ પગલું લેવા આદેશ નહીં કરીએ જેથી આ નિયંત્રણો હેઠળ ખોટી કે ગેરમાર્ગે દોરનારી એન્ટ્રી પડે. આમ કરવું એ સંહિતાનું ઉલ્લંઘન અને ફોજદારી કાર્યવાહી નોંતરનારૂં બની શકે છે.

પ્રશ્નઃ હું એકાઉન્ટ વિભાગમાં કામ કરૂં છું અને મોટા સપ્લાયરના સંખ્યાબંધ ઈન્વોઈસ મેળવું છું. મારા સાહેબે મને આગામી ત્રિમાસિકમાં તેની એન્ટ્રી કરવા કહ્યું છે. તે કહે છે કે આમ કરવાથી આપણા નાણાકીય પરિણામો સુધરશે અને આપણા શેરનો ભાવ વધશે. શું મારે તેની સૂચનાનો અમલ કરવો?

જવાબઃ ના. ખોટી તારીખો પાડવી કે મોડી એન્ટ્રી કરવાથી આ ત્રિમાસિક ગાળાની આવકો વધી શકે છે, પરંતુ તેનાથી આપણા નાણાકીય પરિણામોને અસર થઈ શકે છે. તમામ નાણાકીય માહિતીની સચોટ એન્ટ્રી ન કરીએ તો, તેનાથી સંહિતાનું ઉલ્લંઘન થાય છે પછી ભલેને તેનાથી મેગ્નાને લાભ કેમ ન થતો હોય. જો તમારા ઉપરી તમને આમ કરવા કહે તો તમારે ના પાડવી. જો તમારા ઉપરી સતત દબાણ કરતા હોય તો તમારે તાત્કાલિક તેની જાણ નાણાકીય અધિકારીને કે કોર્પોરેટ કચેરીને કે કાનૂની અનુપાલન નિષ્ણાતને કરવી. તમે કોઈ પણ મુદ્દાનો રિપોર્ટ કરી શકો છો સારી વ્યાપારી રેખાનો ઉપયોગ કરીને.



# અયોગ્ય જામીનગીરી સોદા

આપણા કર્મચારીઓ અમુક સમયે મેગ્ના, આપણા સપ્લાયર્સ, સ્પર્ધકો, ગ્રાહકો કે વ્યાપારી ભાગીદારી વિશેની સંવેદનશીલ માહિતી મેળવી શકે છે. આ**અંદરની માહિતી**,નો ઉપયોગ કરાય રોકાણના ઉદ્દેશ માટે તો તેનાથી કર્મચારીને અન્ય રોકાણકારો કરતા વધુ લાભ મળી શકે છે. શેર કે બોન્ડ જેવી જામીનગીરીનું આવી અંદરની માહિતીના આધારે ખરીદી કે વેચાણ કરવું એ ગેરકાનૂની અને ગંભીર દંડ કરનારું બની શકે છે. આ કારણે, જો તમારી પાસે મેગ્ના કે અન્ય કંપનીની કોઈ અંદરની માહિતી હોય તો તમને તે કંપનીમાં રોકાણ કરવા પર પ્રતિબંધ છે જ્યાં સુધી તે માહિતી જાહેર ન થાય.

કર્મચારીઓને કોઈ આંતરિક માહિતી સહકર્મી અથવા મેગ્ના બહારની વ્યક્તિને જણાવવાની પણ અનુમતિ નથી જો તેઓ તેને મેળવવાને હકદાર ન હોય. આ પ્રતિબંધ મિત્રો અથવા સગાઓને **આવી માહિતી આપવા સામે પણ લાગુ પડે છે.**

મેગ્ના ખાતેના ડિરેક્ટર્સ અને અધિકારીઓ તથા ઈનસાઈડર ટ્રેડિંગ એન્ડ રિપોર્ટિંગ અંગેની નીતિમાં નામ ધરાવનારી વ્યક્તિઓ માટે તો આનાથી પણ આકરા નિયમો છે. આ વ્યક્તિઓ પર ચોક્કસ સમયગાળા સુધી મેગ્નાની જામીનગીરીનું ખરીદી કે વેચાણ કરવા અંગે પ્રતિબંધ છે.

આપણી ઈનસાઈડર ટ્રેડિંગ અને રિપોર્ટિંગ અંગેની નીતિ માર્ગદર્શન આપે છે કે કેવી રીતે ઈનસાઈડર ટ્રેડિંગ અને અયોગ્ય ઘોષણાને ટાળી શકાય.

Driving Integrity
Know it.
Speak it.
Live it.

પ્રશ્નઃ આંતરિક અહેવાલોને આધારે, હું જાણું છું કે મેગ્નાનું વેચાણ નોંધપાત્ર પ્રમાણમાં વધ્યુ છે અને આ ત્રિમાસિક ગાળામાં અમારો નફો ઔદ્યોગિક વિશ્લેષકોના અંદાજ કરતાં ઊંચો રહેશે. અમે અમારા ત્રિમાસિક પરિણામોની જાહેરાત કરીએ તે અગાઉ શું હું મારી બહેનને મેગ્નાના શેર ખરીદવા કહી શકું છું?

જવાબઃ ના. તમારા પોતાના અથવા અન્યો કે જેમાં તમારા પરિવાર અને મિત્રોનો સમાવેશ થાય છે તેમના લાભ માટે આંતરિક માહિતીનો ઉપયોગ કરવો તે આપણી સંહિતાનું ઉલ્લંઘન છે તેમ જ ગેરકાનૂની છે.

# જાહેર ખુલાસા

એક જાહેર કંપની તરીકે, મેગ્ના તેના જાહેર દસ્તાવેજોમાં સંપૂર્ણ, સચોટ અને સમયસર માહિતી પૂરી પાડવાની જવાબદારી ધરાવે છે. અમારા વ્યવસાય, કામગીરીઓ અને આર્થિક શરતોને જાહેર કરવા અંગેની તમામ લાગુ થવાપાત્ર કાયદાનું પાલન કરવાની અમે ખૂબ જ ગંભીરતાપૂર્વક જવાબદારી લઈ છીએ અને તે માટે ભારે પ્રયત્નશીલ છીએ. આ જટિલ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા, મેગ્નાએ કોર્પોરેટ ડિસક્લોઝર કમિટીની સ્થાપના કરી છે, જે સિનિયર કોર્પોરેટ મેનેજમેન્ટથી બનેલી છે.

કોઈપણ કર્મચારી મીડિયા અથવા શેરધારકો સમક્ષ બોલવા અધિકૃત હોય અથવા કોઈપણ પ્રકારનો જાહેર ખુલાસો કરે તેમને લાગુ થવા પાત્ર સિક્યોરિટીઝ અંગેના કાયદા અને કોર્પોરેટ ડિસક્લોઝર (કોર્પોરેટ ખુલાસો) અંગેની અમારી નીતિનું ફરજિયાતપણે પાલન કરવું.

કોર્પોરેટ ડિસક્લોઝર અંગે અમારી નીતિ (પોલિસી) માં વધુ માહિતી જોઈ શકાય છે.




# આપણા કાર્યસ્થળે અખંડિતતાનું ચાલન


પર્યાવરણ અને વ્યવસાયિક આરોગ્ય તથા સલામતી 15

વ્યક્તિગત માહિતીની સુરક્ષા 15

માનવ અધિકારો પ્રત્યે આદર 16

વૈવિધ્યતા અને સમાવેશીકરણ 16

અમારા કર્મચારીઓની વૈવિધ્યતા એ અમારી વૈશ્વિક કંપની માટે મજબૂતીનો એક સ્રોત છે. એટલે જ તો અમે વિવિધ પૃષ્ઠભૂમિ, ક્ષમતા અને અભિપ્રાયો ધરાવતા લોકોની કદર કરી છીએ અને માન-સન્માન આપી છીએ.

# પર્યાવરણ અને વ્યવસાયિક આરોગ્ય તથા સલામતી

મેગ્નાના કર્મચારીઓ સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણમાં કામ કરે તે જરૂરી છે. અમે વ્યવસાયિક આરોગ્ય તથા સલામતીમાં ઔદ્યોગિક આગેવાન બનવા તેમ જ અમારી તમામ કામગીરીઓમાં પર્યાવરણ પ્રત્યે સંપૂર્ણ જવાબદાર બનવા માગી છીએ.

અમને લાગુ પડતા આરોગ્ય, સલામતી અને પર્યાવરણ અંગેના તમામ કાયદા અને નિયમનોનું ચોક્કસાઈપૂર્વક પાલન કરવા અમે વચનબદ્ધ છીએ તેમ જ અમે સતત સુધારાના લક્ષ્યાંક સાથે યોગ્ય નિરીક્ષણ કરવા અને દરેક કામગીરીની સમીક્ષા કરવા માગી છીએ.

આરોગ્ય, સલામતી અને પર્યાવરણને લગતી અમારી વચનબદ્ધતા અંગે અમારા એમ્પ્લોઈઝ ચાર્ટર અને અમારા કામગીરીના સિદ્ધાંતોમાં વિસ્તૃત રીતે દર્શાવવામાં આવેલ છે. તેમ જ અમારીઆરોગ્ય, સલામતી અને પર્યાવરણને લગતી નીતિમાં વધુ વિગતવાર રજૂઆત કરવામાં આવી છે.

# વ્યક્તિગત માહિતીની સુરક્ષા

અમે અમારા કર્મચારીઓની ગોપનીયતાનું સન્માન કરી છીએ અને તેમની વ્યક્તિગત માહિતીનું રક્ષણ કરવા વચનબદ્ધ છીએ. અમે ફક્ત કાયદેસરના વ્યવસાય અથવા કર્મચારીને લગતા હેતુઓ અથવા કાયદા દ્વારા જો જરૂર પડે તો જ વ્યક્તિગત માહિતીને એકત્રિત કરશું, તેનો ઉપયોગ કરશું અને જાહેર કરશું. અમે એકત્રિત કરેલી વ્યક્તિગત માહિતીની ગોપનીયતાનું રક્ષણ કરવા યોગ્ય પગલાં પણ ભરશું.

Driving Integrity
Know it.
Speak it.
Live it.

પ્રશ્નઃ હું હ્યુમન રિસોર્સિસ ડિપાર્ટમેન્ટના એક વિભાગમાં કામ કરું છું. એક નવી મેડિકલ ક્લિનિક અંગેની કેટલીક બહુમૂલ્ય માહિતી અમારા તમામ કર્મચારીઓને મોકલી શકાય તે માટે એક માર્કેટીંગ કંપનીએ તાજેતરમાં કર્મચારીઓના ઘરના સરનામા આપવા મને કહ્યું છે. આ માહિતીથી કર્મચારીઓને લાભ થઈ શકે તેમ હોવા છતાં મે માર્કેટિંગ કંપનીને માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો. શું મે આ યોગ્ય કર્યું છે?

જવાબઃ હા, તમે યોગ્ય ક્યું છે. અમારા કર્મચારીઓના ઘરના સરનામા એ અંગત માહિતી છે અને તે ફક્ત કાયદેસરના વ્યવસાય તથા રોજગારીને લગતા કારણોથી અથવા તો કાયદાકીય રીતે જરૂર પડે તો જ જાહેર કરવા જોઈએ. આ કેસમાં વ્યક્તિગત માહિતી જાહેર કરવા માટે કર્મચારીઓને માર્કેટિંગ સર્વિસ આપવાનું કારણ સ્વીકાર્ય નથી. આમ કરવાથી સંહિતાનું ઉલ્લંઘન થશે અને ગોપનીયતાને લગતા સ્થાનિક કાયદા હેઠળ તે ગેરકાનૂની હોઈ શકે છે.

# માનવ અધિકારો પ્રત્યે આદર

અમારા કર્મચારીઓ અને અન્ય હિતધારકોના માનવ અધિકારો પ્રત્યે માન સન્માન અમારા વ્યવસાય (કારોબાર) માટે ઘણી મહત્વની બાબત છે. અમને લાગુ પડતા તમામ માનવ અધિકારોના કાયદા અને નિયમનોનું પાલન કરવાનો અમે ઈરાદો ધરાવી છીએ.

અમે અમારા કર્મચારીઓને કામગીરી માટે મુક્ત માહોલ પૂરો પાડી છીએ તેમ જ બાળ મજૂરી અથવા બળજબરીથી મજૂરીનો અમારી પુરવઠા શ્રૃખલામાં ઉપયોગ કરતા નથી. અમે એવી પણ અપેક્ષા રાખી છીએ કે અમે જેમની સાથે કામ કરી છીએ તે સપ્લાયર અથવા અન્ય કંપની નૈતિકતાથી કામ કરે અને કાયદાનું પાલન કરે.

પ્રશ્નઃ અમારા સપ્લાયર્સ પૈકી એક સપ્લાયર સગીર વયના કામદારોનો ઉપયોગ કરી રહ્યો હોવાની મને આશંકા છે. આ સ્થિતિમાં મારે શું કરવું જોઈએ?

જવાબઃ આપણા સપ્લાયર્સ પૈકી એક સપ્લાયર બાળ મજૂરનો ઉપયોગ કરી રહ્યો હોવાની તમને આશંકા હોય તો તમારે ત્વરીતપણે તમારા મેનેજર અથવા તો કાયદા પાલન નિષ્ણાતને જાણ કરવી જોઈએ.

પ્રશ્નઃ આપણા ઉત્તર અમેરિકી સપ્લાયર્સ સાથે ઈન્ટરફેસિંગ ભૂમિકા માટે હું કોઈ વ્યક્તિને આપણી ટ્રોય, મિશિગન, ઓફિસ ખાતે બઢતી આપવા વિચાર કરી રહ્યો છું. મહિલા કર્મચારી જરૂરી તમામ યોગ્યતા ધરાવે છે, આપણા કેટલાક સપ્લાયર્સ તેણીની શારીરિક અક્ષમતાને લઈ મુશ્કેલી અનુભવી શકે છે, જે અંગે હું ચિંતિત છું. શું ફક્ત આ કારણથી અન્ય કોઈને બઢતી આપવી જોઈએ?

જવાબઃ ના. આપણે કાયદાકીય રીતે સુરક્ષિત પૃષ્ઠભૂમિને આધારે દરેક વ્યક્તિને શારીરિક અક્ષમતા જેવા કોઈપણ ભેદભાવને ધ્યાનમાં લીધા વગર સૌને સમાન તક આપવી જોઈએ. જો કર્મચારી નોકરી માટે યોગ્ય યોગ્યતા ધરાવતી હોય તો તમારે આ મહિલા કર્મચારીને તેણીની શારીરિક અક્ષમતાને આધારે બઢતી આપવાનો ઈન્કાર ન કરવો જોઈએ.

Driving Integrity
Know it. Speak it. Live it.

# વૈવિધ્યતા અને સમાવેશીકરણ

અમારા કર્મચારીઓની વૈવિધ્યતા એ અમારી વૈશ્વિક કંપની માટે મજબૂતીનો એક સ્રોત છે. એટલે જ તો અમે વિવિધ પૃષ્ઠભૂમિ, ક્ષમતા અને અભિપ્રાયો ધરાવતા લોકોની કદર કરી છીએ અને માન-સન્માન આપી છીએ.

અમે તમામ લાગુ પડતા શ્રમ અને કર્મચારીને લગતા કાયદાનું પાલન કરી છીએ, જેમાં ભેદભાવ અને પજવણી પ્રતિબંધનો સમાવેશ થાય છે ભેદભાવને લઈ યોગ્ય ઉકેલ સાથે સુવિધા આપવામાં આવે છે. લિંગ, વર્ણ, વર્ણ પૃષ્ઠભૂમિ, ધર્મ, વિકલાંગતા અથવા અન્ય વ્યક્તિગત વિશેષતાઓ કે જે કાયદા દ્વારા રક્ષિત છે તેને આધારે કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર અમે રોજગારી અને કારકિર્દીલક્ષી સમાન તકો પૂરી પાડવા વચનબદ્ધ છીએ.





# આપણા પગલાં દ્વારા અખંડતાનું ચાલન


ગુપ્ત માહિતીનો ઉપયોગ 19

રોકાણો અને કોર્પોરેટ તકો 19

સ્વ-વ્યવહાર અને મિત્રો તથા સગાઓ સાથે વાર્તાલાપ 20

બહારની સ્થિતિ 21

ભેટ-બક્ષિસ, ભોજન, મનોરંજન 21

# ગુપ્ત માહિતીનો ઉપયોગ

અન્ય મિલકતની માફક, ગોપનીય માહિતી કે જેમાં વ્યાપારની ગુપ્તતા તથા અમારી, અમારા ગ્રાહકો અને સપ્લાયર્સ સાથે સંકળાયેલ માલિકીની માહિતીનો સમાવેશ થાય છે તે અમારા વ્યવસાયનો અતિ મૂલ્યવાન ભાગ છે અને તેનું રક્ષણ કરવાની અમારી જવાબદારી છે. કાયદા દ્વારા જરૂરી બને અથવા અધિકૃત કારોબારી ઉદ્દેશો માટે આવશ્યક જણાય તે સિવાય આ પ્રકારની માહિતી મેગ્નાની બહાર કોઈની સાથે આપ-લે કરી શકાય નહીં.

પ્રશ્નઃ મેગ્નાની ગુપ્ત માહિતીનું રક્ષણ કરવા હું શું કરી શકું છું?

જવાબઃ મેગ્ના તેની ગુપ્ત માહિતીનું રક્ષણ કરી શકે તે માટે મદદરૂપ બનવા તમે કેટલાક પગલા લઈ શકો છો. તમે ખૂબ જ કાળજી રાખીને ગોપનીય રેકોર્ડ અને માહિતીનું જતન કરી શકો છો તેમ જ ખાસ કરીને પ્રવાસ અથવા વ્યવસાયિક પ્રસંગો દરમિયાન તમારે તમારા ઈલેક્ટ્રોનિક ઉપકરણને લાંબા સમય સુધી અનઉપસ્થિત (અનએટેન્ડેડ) રાખવા જોઈએ નહીં. તમારે જાહેર સ્થળો પર મેગ્નાના વ્યવસાય અંગે ચર્ચા કરવાનું ટાળવુ જોઈએ, જેમ કે ભીડભાડવાળા ઈલેવેટર અથવા એરપ્લેન.

# રોકાણો અને કોર્પોરેટ તકો

મેગ્નાના કર્મચારીઓ તરીકે આપણે જ્યા પણ મેગ્નાના હિતો સાથે આપણા વ્યક્તિગત હિતોનો ટકરાવ થાય અથવા એવી સ્થિતિ કે જે અસર કરે તેવી પરિસ્થિતિને ટાળવી જોઈએ.


દાખલા તરીકે જો તમે તમારા પદને લીધે, અથવા મેગ્નાની સંપત્તિ અથવા માહિતી મારફતે વ્યવસાયિક તક શોધી રહ્યા હોય, તો તમારે તેનો વ્યક્તિગત લાભ લેવો જોઈએ નહીં. તમારા વ્યક્તિગત લાભ માટે મેગ્નાના સંશાધનોનો ઉપયોગ કરવાથી પણ તમારે દૂર રહેવું જોઈએ. મેગ્ના સાથે સ્પર્ધા કરે તેવી કોઈ પણ પ્રવૃત્તિમાં તમારે ક્યારેય સામેલ થવું જોઈએ નહીં.

## ગોપનીય માહિતી આપણાવ્યવસાયનો બહુમૂલ્ય ભાગ છે અને તેનું રક્ષણ કરવું એ આપણી જવાબદારી છે.

Driving Integrity
Know it. Speak it. Live it.

પ્રશ્નઃ હું એન્જિનીયરિંગમાં કામ કરું છું અને મારી કામગીરીના સમય ગાળા દરમિયાન મે એક નવી ટ્રાન્સમિશન ડિઝાઈન રજૂ કરી, મારા મતે તેમાં આપણા કેટલાક ઓટોમોટીવ ગ્રાહકો રસ લઈ શકે છે. મે ડિઝાઈન રજૂ કરી હોવાથી શું હું તેમને સીધી આપી શકું છું?

જવાબઃ ના, આ પ્રકારનું પગલુ સંહિતાનું ઉલ્લંઘન કરશે. તમારી નોકરીના ભાગરૂપે તમે જે કોઈ બૌદ્ધિક સંપત્તિનું સર્જન કરો છો તે મેગ્ના અંતર્ગત આવે છે. આ ઉપરાંત, તમારી નોકરીના સમયગાળા દરમિયાન તમે ડિઝાઈન વિકસાવી છે અને બહુમૂલ્ય વ્યવસાયિક તક પૂરી પાડવા સાથે મેગ્ના દ્વારા પૂરા પાડવામાં આવેલ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. મેગ્નાની મંજૂરી મેળવ્યા વગર તમે તેનો વ્યક્તિગત લાભ મેળવી શકો નહીં.



# સ્વ-વ્યવહાર અને મિત્રો તથા સગાઓ સાથે વાર્તાલાપ

આપણી કાર્ય જવાબદારીની સાથે આપણા વ્યક્તિગત હિતો અને સંબંધોની દરમિયાનગીરીને ક્યારેય પરવાનગી આપવી જોઈએ નહીં. માટે, આપણા પૈકી કોઈ પણ માટે સંબંધિઓ અથવા નજીકના મિત્રો **ની સીધી દેખરેખ**, અથવા તેમની સાથેના સીધા સંબંધની જાણ કરવી તે અયોગ્ય બાબત છે. સંબંધિ અથવા નજીકના મિત્રની સાથે ભરતી કરવી, મૂલ્યાંકન, ભંડોળ પૂરું પાડવું અથવા કોન્ટ્રેક્ટ કરો અથવા અન્ય વ્યવસાયિક સંબંધો બાંધવા અથવા એવા વ્યવસાય કે સંગઠન કે જેમાં આપણા અથવા આપણા સંબંધિઓ અથવા નજીકના મિત્રોના નોંધપાત્ર હિત રહેલા હોય તેમને લાભ પહોંચાડવો તે પણ યોગ્ય બાબત નથી.

ખાસ કરીને તમારા સંબંધિઓ અથવા ખાસ મિત્રના પદ અથવા હિતોને લીધે, અથવા તમારા સંબંધિઓ અથવા ખાસ મિત્રોના અન્ય વ્યવસાય અથવા સંગઠનમાં કોઈ નોંધપાત્ર હિત રહેલું હોય, જેને લીધે તમારા કાર્યને લગતા નિર્ણયોને અસર થતી હોય તો તેની તમારા ઉપરીને જાણ કરવી જોઈએ. તમામ વ્યવહારો અને નિર્ણયો મુક્ત તથા પારદર્શક માહોલમાં કરવામાં આવ્યા છે તેને સુનિશ્ચિત કરવા અમલમાં રહેલી પ્રક્રિયાના પાલનને સુનિશ્ચિત કરવી જોઈએ.

પ્રશ્નઃ હું ખરીદ વિભાગમાં એક ખરીદદાર છું. તાજેતરમાં અમારા એક સપ્લાયર દ્વારા વેચાણ બાબતોના વડા તરીકે મારી પત્નીની નિમણૂક કરવામાં આવી છે. શું આ બાબત વિસંગત છે?

જવાબઃ હા. તમારી પત્નીની નવી ભૂમિકા તમારા વ્યવસાયિક નિર્ણયને અસર કરી શકે છે અથવા અન્ય કોઈ રીતે પ્રભાવિત કરી શકે છે. માટે તમારે આ માહિતી સાથે તમારા સુપરવાઈઝર સમક્ષ પહોંચવું જોઈએ. આ રીતે મેનેજમેન્ટ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકે છે અને યોગ્ય પગલાં ભરી શકે છે. આમ કરી મેગ્નાને મદદ કરો, અને અયોગ્ય પ્રવૃત્તિના કોઈ પણ આરોપથી તમે અને તમારી પત્ની સુરક્ષા મેળવો.

Driving Integrity
Know it. Speak it. Live it.

# બહારની સ્થિતિઓ

મેગ્નાને સફળ બનાવવા કામકાજના કલાકોમાં આપણે આપણો સંપૂર્ણ સમય આપવો જોઈએ અને આપણી નોકરી પ્રત્યે પૂરતું ધ્યાન આપવું. માટે, તમારે બહાર એવા કોઈ કમિટમેન્ટનો સ્વીકાર ન કરો કે જે તમારો સમય અને ધ્યાનને ઘટાડે, આ રીતે તમે તમારી નોકરી પ્રત્યે સમર્પિત રહી શકો છો.

સુપરવાઈઝર સાથે તે અંગે ચર્ચા કરવામાં ન કરવામાં આવી હોય અને આવશ્યક માન્યતા ન મેળવી હોય તો મેગ્ના સાથેના હિતોનો ટકરાવ કરે અથવા અસર કરે તેવા વેતન સાથેના અથવા વેતન વગરના પદો સ્વીકારવા તમને પ્રતિબંધિત કરવામાં આવે છે.

# ભેટ-બક્ષિસ, ભોજન, મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ)

અમારા તમામ વ્યવસાયિક ભાગીદારો સાથેના અમારા સંબંધો સંકલિત અને તંદુરસ્ત વ્યવસાયિક નિર્ણય પર આધાર રાખે છે. તેને પરિણામે, જો આપણે ભેટ-બક્ષિસ અથવા મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) મેળવીએ અથવા આપીએ તો તેની નિષ્પક્ષ વ્યવહારને લઈ કોઈ બાંધછોડ ન કરવા કાળજી રાખવી, અથવા આપણા નિષ્પક્ષ વ્યવહાર અને નિર્ણયો લેવાની બાબત મેગ્નાના લાભમાં હોવા જોઈએ.

ગ્રાહકો અથવા સપ્લાયર્સ સાથેના આપણા વ્યવસાયિક સંબંધોમાં વ્યવસાયિક ભેટ-બક્ષિસ અથવા મનોરંજન (એન્ટરટેઈમેન્ટ) ની આપ-લે સ્વીકાર્ય છે. અલબત તે વ્યાજબી, પ્રાસંગીક અને શિષ્ટ મૂલ્યને આધિન હોવી જોઈએ. આપણે કોઈપણ ભેટ-બક્ષિસ અથવા મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) આપીએ તેની ચોક્કસાઈપૂર્વક અને પારદર્શક રીતે આપણા ખર્ચ અહેવાલો તથા મેગ્નાના ચોપડા અને રેકોર્ડમાં નોંધ કરવી જોઈએ.

કાયદાને લગતા જોખમો વધવાને લીધે **સરકારી અધિકારીઓ** સાથે વ્યવહાર કરતી વખતે આપણે સૌએ વિશેષ કાળજી રાખવી પડે છે. સરકારી અધિકારીઓને ભેટ-બક્ષિસ અથવા મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) ની ઓફર કરવા મેગ્નામાંથી કેટલાક અધિકૃત વ્યક્તિઓ પાસેથી લેખિતમાં મંજૂરી મેળવવી જરૂરી છે. મંજૂરી અંગેની ચર્ચા જરૂરી છે, તેમ જ ભેટ-બક્ષિસ અને મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) અંગેની વધારાની માહિતી ભેટ-બક્ષિસ અને મનોરંજન અંગેની અમારીનીતિમાં જોઈ શકાય છે.

પ્રશ્નઃ આપણા સપ્લાયર્સ પૈકી એક સપ્લાયર ચેમ્પિયનશીપમાં મારી મનપસંદ ટીમને જોવા મને મોકલવાની ઓફર કરે છે. શું આ યોગ્ય છે?

જવાબઃ ના. આપણા વ્યવસાયિક નિર્ણયો હંમેશા મેગ્નાના શ્રેષ્ઠ હિતથી પ્રોત્સાહિત હોવા જોઈએ. આ અતિશયોક્તિભરી ભેટનો સ્વીકાર કરવાની અસર એ થશે કે તમે ભવિષ્યમાં સંશાધન અંગે નિર્ણય કરવામાં તે સપ્લાયરની તરફદારી કરી શકો છો. વ્યાજબી, પ્રાસંગિક અને શિષ્ટ મૂલ્યને અનુરૂપ વ્યવસાયિક ભેટ-બક્ષિસ અને મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) ને જ તમે સ્વીકારી શકો છો. જો તમને કોઈ શંકા હોય તો તમારા જનરલ મેનેજર અથવા કાયદા પાલન નિષ્ણાત પાસે તપાસ કરાવી શકો છો.

પ્રશ્નઃ એક સરકારી ઓડિટર કે જેમણે ઘણા વર્ષોથી અનેક વખત મારા વિભાગમાં પર્યાવરણને લગતુ ઓડિટ કર્યું છે, તેમને આગામી મહિને સંતાન આવશે. હું તેમને ભેટ સ્વરૂપે વિસ્કીની એક બોટલ આપવા માગુ છું. શું આ માટે પરવાનગી મળશે?

જવાબઃ સરકારી અધિકારીને ભેટ-બક્ષિસ અથવા મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ) આપતી વખતે વિશેષ કાળજી રાખવી અને અધિકૃત વ્યક્તિ પાસેથી મંજૂરી મેળવવી. તમારે તમારા જનરલ મેનેજરને અથવા કાયદા પાલન નિષ્ણાતને કહેવું જોઈએ.



# સારા પ્રત્યાયન (સંપર્ક) સાથે સંકલિતતાને જાળવવી


કાળજીપૂર્વકનો સંદેશાવ્યવહાર 23

ગુડ બિઝનેસ લાઈન 24

# કાળજીપૂર્વકનો સંદેશાવ્યવહાર

આપણે નોકરી પર હોઈએ અને કાર્ય બહાર હોઈએ ત્યારે આપણે શું લખી રહ્યા છીએ તેની ખાતરી કરવી જોઈએ, આપણી પાસે સંકલીતતા અને ઉચ્ચ ધોરણોની અપેક્ષા રાખવામાં આવે છે.

મેગ્નાની પ્રતિષ્ઠા અને તમારા પોતાનાનું રક્ષણ કરવા, તમારા તમામ લેખિત સંપર્ક વ્યવહારો કાળજી સાથે અને સમજદારીપૂર્વક તૈયાર કરવામાં આવે તે અતી મહત્વનું અને કોઈ એક દિવસ જાહેર થઈ શકે છે. જ્યારે તમે વાણી અભિવ્યક્તિની આઝાદીનો આનંદ માણતા હોય અને તમારા પોતાના પર્સનલ કોમ્પ્યુટર સિસ્ટમ્સનો ઉપયોગ કરી નોન-વર્કિંગ અવર્સ દરમિયાન ઈન્ટરનેટ પર તમામ કાનૂની હક્કો અંગે પ્રત્યાયન કરતા હોય ત્યારે સોશિયલ મીડિયામાં કંપની બદનામ થાય, સપ્લાયર્સ અથવા ગ્રાહકોની ટીકા થાય, વેપાર ગુપ્તતા જાહેર થાય, અથવા મેગ્નાના કોપીરાઈટ અને પેટન્ટ સંબંધિત કાયદાઓનું ઉલ્લંઘન થાય તેવી કોઈ માહિતી આપવી નહીં અથવા ટિપ્પણી કરવી નહીં.

આ ઉપરાંત, જો કોઈ સમાચાર માધ્યમના પત્રકાર, ઔદ્યોગિક વ્યવસાયિક અથવા હિતધારક તમને મેગ્નાને લગતી બાબતો અંગે ચર્ચા કરવા અથવા ટિપ્પણી કરવા કહે તો તમારે કોઈ જ ટિપ્પણીઓ કર્યા વગર મેગ્નાના અધિકૃત પ્રવક્તાનો તેમની સમક્ષ ઉલ્લેખ કરવો જોઈએ.

મેગ્નાના કાળજીપૂર્વકનો સંદેશાવ્યવહાર અંગેની પોલિસી, અમારા ગ્લોબલ ઈમેલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પોલિસી અને અમારીબાહ્ય મીડિયા કોમ્યુનિકેશન્સ પોલિસીવગેરે પ્રત્યાયન (સંપર્ક)ને લગતા મુદ્દાઓ માટે ઉપયોગી સંશાધનો છે.

પ્રશ્નઃ હું ક્યારેક મારા ફેસબૂક પેજ કે જ્યાં મારા 250 મિત્ર છે તેના પર અમારા સપ્લાયર્સ પૈકી એક સપ્લાયર સાથે મારી નિરાશા દર્શાવું છું. હું મારા સમય પ્રમાણે તે કરું છું અને મારું સેટિંગ પ્રાઈવેટ હોવાથી ફક્ત મારા મિત્રો અને પરિવાર જ આ અપડેટ્સને જોઈ શકે છે. શું આ યોગ્ય છે?

જવાબઃ ના. સોશિયલ મીડિયા પર કરવામાં આવતી ટિપ્પણીઓ હંમેશા ખાનગી રહેતી નથી. તમારે કોઈપણ જાહેર ફોરમમાં મેગ્નાના સપ્લાયર્સની ટીકા કરતા બચવું જોઈએ. જો આપણા સપ્લાયર અંગે તમારી ચિંતા સંહિતાના ઉલ્લંઘનને લગતી હોય તો તમારે સુપરવાઈઝર અથવા કાયદા પાલન નિષ્ણાતને જાણ કરવી જોઈએ અથવા ગુડ બિઝનેસ લાઈન નો ઉપયોગ કરવો જોઈએ. મેગ્નાની ઓપન ડોર પ્રોસેસનો ઉપયોગ કરીને અન્ય ચિંતાઓને શ્રેષ્ઠ રીતે ઉકેલવામાં આવે છે.

પ્રશ્નઃ મેગ્નાના તાજેતરના આર્થિક પરિણામો અંગે ઓનલાઈન પોસ્ટ થયેલ એક અખબારના ઓનલાઈન પોસ્ટ થયેલ એક અખબારી અહેવાલમાં મેગ્નાના તાજેતરના આર્થિક પરિણામોની કેટલીક ભૂલ ભરેલી માહિતી મે જોઈ છે. હું સાચી માહિતી સાથે અખબારની વેબસાઈટ પર ટિપ્પણી કરવા માગુ છું. શું હું આમ કરી શકું છું?

જવાબઃ ના. આ ભૂલ ભરેલી માહિતી અંગે તમારે કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ અથવા ઈન્વેસ્ટર રિલેશન્સમાં કોઈને માહિતગાર કરવા જોઈએ. જો તમે મેગ્નાના કારોબાર અંગે કોઈ ટિપ્પણી આપશો તો તમે કંપનીના બિનઅધિકૃત પ્રવક્તા તરીકે કાર્ય કરી રહ્યા છો.

આપણે નોકરી પર હોઈએ અને કાર્ય બહાર હોઈએ ત્યારે આપણે શું લખી રહ્યા છીએ તેની ખાતરી કરવી જોઈએ, આપણી પાસે સંકલીતતા અને ઉચ્ચ ધોરણોની અપેક્ષા રાખવામાં આવે છે.

# ગુડ બિઝનેસ લાઈન

જો તમે આ સંહિતા અથવા સંબંધિત કોઈ નીતિઓનું ઉલ્લંઘન થવા અંગે વાકેફ હોય તો તમારે તમારા સુપરવાઈઝર અથવા કાયદા પાલક નિષ્ણાતને કહેવું જોઈએ.

તમે મેગ્નાના ગુડ બિઝનેસ લાઈનનો પણ સંપર્ક કરી શકો છો. તમે ઓનલાઈન www.magnagbl.com પર અહેવાલ રજૂ કરી શકો છો અથવા તમે સ્થાનિક તમારા દેશ માટે ટોલ-ફ્રી ફોન નંબર પર કોલ કરી શકો છો. આ સેવા સ્વતંત્ર રીતે, બાહ્ય કંપની મારફતે પૂરી પાડવામાં આવી છે અને દિવસમાં 24 કલાક, વર્ષમાં 365 દિવસ ઉપલબ્ધ છે. અન્યથા કાયદા દ્વારા પ્રતિબંધિત (કે જે કેસમાં તમે અહેવાલ તૈયાર કરો તે અગાઉ જ માહિતગાર કરવામાં આવશે), તમે મારી ચિંતાને ગુપ્તપણે જાણ કરી શકો છો. જોકે, કૃપા કરી પૂરતી માહિતી આપો જેથી તમારી ચિંતાને વધુ અસરકાર રીતે તપાસી શકાય.

આચાર સંહિતા અને નૈતિક સિદ્ધાંતોના કોઈપણ ઉલ્લંઘન અંગેની ચિંતાજનક અંગે ગુડ ફેથ (સારી ભાવના) અહેવાલ બનાવતા ક્યારેય ખચકાટ અનુભવવો જોઈએ નહીં. સારી ભાવનાથી યોગ્ય ચિંતાઓ રજૂ કરનાર કર્મચારી સામે બદલો લેવાની બાબતને પ્રતિબંધિત કરી છીએ. પ્રત્યાઘાત ઘણા સ્વરૂપોમાં લઈ શકાય છે અને તેમાં દંડ, ડિસચાર્જ,બઢતી અટકાવવી, સસ્પેન્ડ કરવો, ધમકી આપવી અથવા પજવણી કરવાનો સમાવેશ થાય છે. જે વ્યક્તિએ આચાર સંહિતા અને નૈતિક સિદ્ધાંતોના ઉલ્લંઘન અંગે જાણ કરનાર વ્યક્તિ સામે વેર ભાવનાથી ભરવામાં આવેલ પગલાને અમે સ્વીકાર કરશું નહીં.

આ મુદ્દે એન્ટી-રિટેલિએશન અંગે અમારી નીતિમાં વધુ માહિતી આપવામાં આવી છે.

Driving Integrity
Know it.
Speak it.
Live it.

પ્રશ્નઃ મારા મતે મારા સુપરવાઈઝર સંહિતાનું ઉલ્લંઘન કરતા હોઈ શકે છે, પરંતુ તેમનું વર્તણૂક મારી રોજગારી પર નકારાત્મક અસર કરી શકે છે, જે અંગે હું ચિંતિત છું. જો હું તેમના દ્વારા આચરવામાં આવતી પ્રવૃત્તિની જાણ કરું તો શું મેગ્ના મારી સુરક્ષા કરશે?

જવાબઃ હા. તમારી સામે વેર ભાવનાથી પગલા લેવા પર અમારી એન્ટી-રેટીલિએશન અંગેની પોલિસી તમારા સુપરવાઈઝર પર પ્રતિબંધ છે અને સંહિતાનું ઉલ્લંઘન કરવા અંગે સારી ભાવનાથી કરવામાં આવેલી જાણ બદલ તમારા જેવા કર્મચારીઓની સુરક્ષા કરે છે.

પ્રશ્નઃ ગુડ બિઝનેસ લાઈનનો ઉપયોગ કરી ઉલ્લંઘન અંગે જાણ કરવાથી શું થાય છે?

જવાબઃ જ્યારે અમે ગુડ બિઝનેસ લાઈન મારફતે અહેવાલ મેળવી છીએ ત્યારે સંહિતાનું ઉલ્લંઘન થયું છે કે નહીં તે અંગે નિર્ણય કરવા પૂરતી તપાસ કરી છીએ. અમે તપાસ જવાબદારી હાથ ધરવા પૂરતી કાળજી લઈ છીએ અને યોગ્ય લાગે ત્યારે નિષ્ણાતો પાસેથી મદદ માગી છીએ. સંહિતાના ઉલ્લંઘન અંગેના કોઈ પણ અહેવાલની અમારાગુડ બિઝનેસ લાઈન એડમિનિસ્ટ્રેટર્સ (મેગ્નાના ચીફ કોમ્પ્લિયન્સ ઓફિસર, એન્ટરપ્રાઈઝ રિસ્ક મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ અને કોર્પોરેટ લીગલ ડિપાર્ટમેન્ટના ઓછામાં ઓછા એક સભ્યથી બનેલ હોય છે) દ્વારા પ્રાથમિક સમીક્ષા કરવામાં આવે છે. તપાસ કરવી જરૂરી છે અને કોર્પોરેટ ઓફિસ દ્વારા અથવા ગ્રાઉન્ડ લેવલ દ્વારા તેનું સંચાલન કરવામાં આવવું જોઈએ તે અંગે એડમિનિસ્ટ્રેટર્સ દ્વારા નિર્ણય કરવામાં આવશે. જો તપાસ જરૂરી બને તો તે એક સમર્પિત તપાસ ટીમ દ્વારા થવી જોઈએ. સુધારાલક્ષી અને શિસ્તબદ્ધ પગલાની ભલામણો સાથે ગુડ બિઝનેસ લાઈન એડમિનિસ્ટ્રેટર્સને તપાસના પરિણામોની જાણ કરવામાં આવે છે.

# કાયદા પાલન નિષ્ણાતો તરફથી સહાય

જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા અમારી આચાર સંહિતા અને નૈતિક સિદ્ધાંતો અંગે વધુ માહિતીની જરૂર હોય તો તમે મેગ્નાના કાયદા પાલન નિષ્ણાતોનો સંપર્ક કરી શકો છો. આ નિષ્ણાતોની એક યાદી magna.com અથવા મેગ્નેટ(MagNET) પરના પેજ એથિક્સ એન્ડ લિગલ કોમ્પ્લાયન્સ પર જોઈ શકાય છે.





# શબ્દસૂચિ

**લાંચ:** વ્યવસાયિક અથવા અન્ય કેટલાક પ્રકારનો લાભ મેળવવા કોઈ વ્યક્તિને તેના અથવા તેણીના વ્યક્તિગત લાભ માટે મૂલ્ય આપવામાં આવે અથવા ઓફર કરવામાં આવે. તેમા નાની રકમ-ઘણી વખત તેને “સુવિધા સેવા ચુકવણી” અથવા “ગ્રીસ પેમેન્ટ્સ”- તરીકે ઓળખાય છે તેનો સમાવેશ થાય છે, જે નીચલા વર્ગના સરકારી અધિકારીઓને તેમની જવાબદારી હેઠળની નિયમિત સેવાઓ પ્રાપ્ત કરવા આપવામાં આવે છે.

**પાલન:** કાયદાના અક્ષર અને હાર્દ, સંહિતા અને મેગ્નાની તમામ નીતિઓનું પાલન

**સારી ભાવના:** પ્રમાણિકતા અને ગંભીરતાપૂર્વકનો ઉદ્દેશ.

**સરકારી અધિકારી:** અધિકારી અથવા સરકારી કર્મચારી, વિભાગ અથવા એજન્સિ, કોઈ પણ જાહેર આંતરરાષ્ટ્રીય એજન્સિ, અથવા સરકાર વતી અધિકારીની ક્ષમતાથી કાર્ય કરતી કોઈ પણ વ્યક્તિ, વિભાગ અથવા જાહેર આંતરરાષ્ટ્રીય એજન્સિ, તેમ જ એવી અન્ય કોઈ પણ વ્યક્તિ કે જે મેગ્નાની પ્રક્રિયા દ્વારા સરકારી અધિકારી તરીકે ડિમ્પ્ડ હોય.

**આંતરિક માહિતી:** રોકાણકારો અથવા જાહેર જનતા માહિતી જાણતા નથી, જો તેઓ આ માહિતીથી વાકેફ થાય તો કંપનીના મૂલ્ય, અથવા તેના શેર અથવા બોન્ડને લઈ તેમના વિચારોમાં નોંધપાત્ર ફેરફાર થશે. મહત્વનું હસ્તાંતરણ અથવા વિલિનીકરણ, સિનિયર મેનેજમેન્ટ, મહત્વના કાયદાકીય દાવા અથવા શ્રમિકોને લગતા વિવાદોમાં ફેરફારનો આ પ્રકારના ઉદાહરણમાં સમાવેશ થાય છે.

**ગેરકાયદે મદદ માટે આપેલા પૈસા:** તે લાંચનું એક સ્વરૂપ છે, જેમાં વ્યવસાયિક ગોઠવણને ઉત્તેજન આપવા માટે ચોક્કસ પ્રમાણમાં નાણાંની ચુકવણી કરવામાં આવે છે અથવા વ્યક્તિગત બદલા તરીકે ચોક્કસ ચુકવણી પરત આવતી હોય છે.

**લોબીંગ:** સરકારના કોઈ પણ સ્તરે સરકારી અધિકારીઓ સાથે સંપર્ક કે પ્રત્યાયન, જેમાં વ્યક્તિગત રીતે પબ્લિક ઓફિસ, સ્ટાફ અને સરકારી એજન્સિઓના કર્મચારીઓમાં પસંદગી, લેવામાં આવતા નિર્ણયને પ્રોત્સાહન આપવાનો, વિરોધ કરવાનો અથવા તેના પર પ્રભાવ પાડવાનો ઈરાદો ધરાવે તે તમામનો સમાવેશ થાય છે.

**સંબંધિઓ અથવા નજીકના મિત્રો:** પત્ની, સાથી,પતિ, બાળક, માતાપિતા, દાદા-દાદી, પૌત્ર, સાવકાભાઈ-બહેન, કાકા,મામા,કાકી,મામી,ભત્રીજી,ભાણી, ભત્રીજો, ભાણો,સાસરીયા પક્ષના સંબંધિ, સાવકા/પાલક/દત્તક સંબંધો, તમારી સાથે વ્યક્તિગત રીતે જોડાયેલી એવી વ્યક્તિઓ કે જે તમારા ઘરમાં રહે છે,અને મિત્ર કે જેમની સાથે તમે કાર્ય સિવાય જોડાયેલ છો તે તમામનો સમાવેશ થાય છે.

**મૂલ્યની દ્રષ્ટિએ:** અન્ય ઘણીબધી વસ્તુઓ પૈકી એવું સ્વરૂપ કે જેમાં પૈસા, ભેટ-બક્ષિસ, ચેરીટીથી બનેલ, મોંઘા પ્રવાસ અને મનોરંજન (એન્ટરટેઈનમેન્ટ)ને લગતા ખર્ચા, શિક્ષણને લગતા ખર્ચ, ભવિષ્યમાં રોજગારી માટે બાંહેધરી, અથવા કંપનીના શેરો.

**ત્રીજા પક્ષકાર:** વ્યક્તિ, સંગઠન અથવા વ્યાપાક કે વ્યવસાય કે જે મેગ્ના માટે બહારથી કામગીરી કરતા હોય.



અસરકારક તારીખઃ 1 મે,2016
છેલ્લે કરાયેલી સમીક્ષાઃ 1 મે,2016
સમીક્ષા માટે હવે પછીની તારીખઃ 1 મે,2019
દ્વારા જારી કરવામાં આવેલઃ નૈતિક સિદ્ધાંતો અને કાયદા પાલન
દ્વારા મંજૂરઃ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

magna.com


Driving Integrity
Know it.
Speak it.
Live it.